RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 112 * Date: 11.02.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી હલચલ! ઠાકરે અને ફડણવીસની બંધ બારણે બેઠક



મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી હલચલ શરુ થઈ ગઈ છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરે વચ્ચે બંધ બારણે બેઠક યોજાઈ છે. આ બંને દિગ્ગજોની મુલાકાત એટલા માટે પણ ખાસ હતી, કારણ કે, દેવેન્દ્ર ફડણવીસ ખુદ રાજ ઠાકરેના ઘરે તેમને મળવા માટે પહોંચ્યા હતા. આજે સવારે લગભગ ૯:૩૦ વાગ્યે ફડણવીસ રાજ ઠાકરેના નિવાસસ્થાન 'શિવતીર્થ' પહોંચ્યા હતા. આ મુલાકાતનું કારણ હજુ પણ રહસ્ય છે. બંને નેતાઓ વચ્ચેની આ બેઠક અડધા કલાકથી વધુ સમય સુધી ચાલી. આ દરમિયાન મનસે નેતા સંદીપ દેશપાંડે અને બાલા નંદગાંવકર પણ હાજર હતા. ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેની નારાજગી અને તેને લગતી અન્ય રાજકીય ચર્ચાઓની પૃષ્ઠભૂમિમાં આ બેઠકને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સવારે ૧૧:૦૦ વાગ્યે દાદરના છત્રપતિ શિવાજી મહારાજ પાર્કમાં આયોજિત કાર્યક્રમમાં પહોંચ્યા, તે પહેલાં તેમણે રાજ ઠાકરે સાથે તેમના નિવાસ સ્થાને મુલાકાત કરી હતી. ત્રીજી વખત મુખ્યમંત્રી બન્યા બાદ દેવેન્દ્ર ફડણવીસ અને રાજ ઠાકરે વચ્ચે આ પહેલી મુલાકાત છે. જોકે, આ મુલાકાતને ઔપચારિક મુલાકાત ગણાવવામાં આવી છે.

મનસે અને ભાજપ વચ્ચે વધતું અંતર જગજાહેર છે. ભાજપ અને મનસેની વિચારધારાઓ ભલે સમાન હોય, પણ ચૂંટણીઓ સાથે બંને વચ્ચેની નિકટતા વધતી કે ઘટતી નજર આવતી રહી છે. લોકસભા ચૂંટણી દરમિયાન મનસેએ મોદીના ચહેરાને બિનશરતી ટેકો આપ્યો હતો. મહાયુતિના કેટલાક ઉમેદવારો માટે પ્રચાર રેલીઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ રાજ ઠાકરેએ એકલા વિધાનસભાનો સામનો કર્યો. ત્યારે પણ તેમણે એમ કહીને મૂંઝવણ ઊભી કરી હતી કે મનસેના સમર્થનથી ભાજપના મુખ્યમંત્રી ચૂંટાશે, પરંતુ રાજકીય ગણિત નિષ્ફળ ગયું કારણ કે મનસેનો એક પણ ઉમેદવાર ચૂંટાયો નહોતો.

તાજેતરમાં જ મનસેની એક રેલીમાં રાજ ઠાકરેએ ઈફસ પર શંકા વ્યક્ત કરી હતી. તેમણે અજિત પવારના મોટી સંખ્યામાં ધારાસભ્યો ચૂંટાવા પર પણ શંકા વ્યક્ત કરી હતી. એવી જ રીતે તેમણે ભાજપ પર પણ નિશાન સાધ્યું હતું. આ બેઠકનું ખાસ મહત્વ છે. જોકે, બંને નેતાઓ વચ્ચે શું ચર્ચા થઈ તે જાણી શકાયું નથી, પરંતુ સ્થાનિક ચૂંટણીમાં રાજ ઠાકરે અને ભાજપ એક સાથે આવે તેવી શક્યતા છે.

ભાજપ વિધાન પરિષદના સભ્ય પ્રસાદ લાડે જણાવ્યું કે, રાજ ઠાકરેએ સીએમ ફડણવીસને મુંબઈના દાદર વિસ્તારમાં શિવાજી પાર્ક નજીકના તેમના નિવાસસ્થાને આમંત્રણ આપ્યું હતું. જોકે, લાડે આ બેઠક અંગે વધુ કોઈ માહિતી નથી આપી. બેઠક બાદ દેવેન્દ્ર ફડણવીસે પત્રકારો સાથે વાત કરી. તેમણે કહ્યું કે, આ રાજકીય મુલાકાત નહોતી.

## યુએઈમાં ભારતીય યુવક જીત્યો ૫૯ કરોડ રૂપિયા, દસ વર્ષથી બિગ ટિકિટ રેફલ ખરીદતો હતો



સંયુક્ત આરબ અમીરાત (છઈ)માં રહેતા અને સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા મૂળ ભારતીયની કિસ્મત એકાએક ચમકી ગઈ છે. યુએઈની જાણીતી બિગ ટિકિટ રેફલ તરીકે ઓળખાતી લોટરીમાં તેને ૫૯ કરોડ રૂપિયા જીતી લીધા છે. આશિક પતિન્હારથ નામના મૂળ મલિયાલી વ્યક્તિને ૨.૫ કરોડ દિરહામનું ઈનામ મળ્યું છે. અહેવાલો અનુસાર, આશિક છેલ્લાં ૧૯ વર્ષથી યુએઈમાં રહે છે અને સિક્યોરિટી ગાર્ડની નોકરી કરે છે. તે છેલ્લાં એક દાયકાથી આ લોટરીની ટિકિટ ખરીદ્યા કરતો હતો. તાજેતરમાં તેનું નસીબ ખરેખર જોર કરી ગયું અને તે રાતોરાત કરોડપતિ થઈ ગયો. આ અંગે આશિકે જણાવ્યું હતુ કે, 'મારા માટે આ જીત ખરેખર આશ્ચર્ય હતું. હું ક્યારેય લાઈવ ડ્રો જોતો નહોતો. મને એક ફોન આવ્યો અને તેમાં વિજય થયો હોવાના સમચારા આપવામાં આવ્યા. તે પહેલાં ભારત રહેતા પોતાના પરિવારની આર્થિક જરૂરિયાતો પૂરી કરશે અને ત્યારબાદ અન્ય રકમનો પોતાના માટે ઉપયોગ કરશે.' ઉલ્લેખનીય છે કે, આ લોટરીના જે પ્રાઈઝ જાહેર થયા તેમાં યુએઈના એક મૂળ નાગરિકને પણ લક્ઝુરિયસ કાર મળી છે. તે મ્સ્ઉ સ્૪૪૦ૈ કાર જીત્યો છે. તેના મતે આ કારનું શું કરશે તે હાલમાં નક્કી નથી. તે કાર લઈ લેશે અથવા તો તેને વેચીને પૈસા અંકે કરી લેશે. આ સિવાય વધુ એક ભારતીય વેપારીને પણ લોટરીમાં ઈનામ મળ્યું છે. મૂળ ચેન્નઈના બિઝનેસમેન શનાવાસ કન્નોથને લોટરીમાં ૨.૫ લાખ દિરહામ એટલે કે અંદાજે ૬૦ લાખ રૂપિયાનું ઈનામ મળ્યું છે. તેમણે કહ્યું કે, 'હું ૨૦૧૭થી આ લોટરી ટિકિટ ખરીદતો આવ્યો છું. તાજેતરમાં જ મને એક ફોન આવ્યો અને આ વિજય વિશે માહિતી આપવામાં આવી. હું તો અહીંય બિઝનેસ કરું છું પણ હવે આ રકમ મળવાથી મારો ઉત્સાહ બેવડાઈ ગયો છે.

## ટ્રમ્પનો વધુ એક ચોંકાવનારો નિર્ણય, અમેરિકામાં નવા 'કોઈન' બનાવવાનું બંધ, ટ્રેઝરી વિભાગને નિર્દેશ



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવતા જ અનેક મોટા નિર્ણયો લઈ રહ્યા છે. ત્યારે હવે તેમણે વધુ એક મોટો અને ચોંકાવનારો નિર્ણય લીધો છે. ટ્રમ્પે એક મોટું એલાન કર્યું છે. ટ્રમ્પે ટ્રેઝરી વિભાગને નવા સિક્કા બનાવવાનું બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. ટ્રમ્પે પોતાના આ નિર્ણયની પાછળ વધુ ખર્ચનો હવાલો આપ્યો છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક સેન્ટના કોઈનના ઉત્પાદન ખર્ચનો હવાલો આપી ટ્રેઝરી વિભાગને નવા કોઈન બનાવવાનું બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે.ટ્રમ્પે કહ્યું કે, 'ઘણા લાંબા સમયથી સંયુક્ત રાજ્ય અમેરિકાએ એવા કોઈનનું ઉત્પાદન કર્યું છે જેની કિંમત વાસ્તવમાં ૨ સેન્ટથી વધારે છે. આ ખૂબ જ બેકાર છે!' ટ્રમ્પે રવિવારે રાત્રે પોતાની ટ્રુથઆઉટ સોશિયલ સાઈટ પર એક પોસ્ટમાં લખ્યું કે, 'મેં અમેરિકન ટ્રેઝરી સેક્રેટરીને નવા પૈસાનું ઉત્પાદન બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે.'ટ્રમ્પના નવા વહીવટી તંત્રનું ધ્યાન ખર્ચ ઘટાડવા, સમગ્ર એજન્સીઓ અને મોટી સંખ્યામાં સંઘીય કાર્યબળની છટણી કરવા પર કેન્દ્રિત છે. ટ્રમ્પે લખ્યું કે, 'ચાલો આપણા મહાન રાષ્ટ્રને બરબાદીના બજેટમાંથી બહાર કાઢીએ, ભલે તે એક સમયે માત્ર એક પૈસો જ કેમ ન હોય.' ટ્રમ્પે ન્યૂ ઓર્લિયન્સમાં સુપર બાઉલના પહેલા પાર્ટમાં હાજરી આપ્યા બાદ આ સંદેશ મોકલ્યો.તમને જણાવી દઈએ કે, અબજોપતિ ઉદ્યોગપતિ ઈલોન મસ્કના નેતૃત્વ હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (ડ્ઢ્ઈ) ને ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના દસ્તાવેજો સુધી પહોંચવા પર અટકાવી દેવામાં આવ્યા છે. એક અમેરિકન ન્યાયાધીશે શનિવારે આ અંગે આદેશ જારી કર્યો હતો. આ દસ્તાવેજોમાં સોશિયલ સિક્યોરિટી નંબરો અને બેંક ખાતા નંબરો જેવા પર્સનલ ડેટા સામેલ છે.

## વરઘોડામાં ડી.જે.ના તાલથી ગાય ભડકી : નાસભાગમાં ત્રણ મહિલા સહિત ડઝન જાનૈયાને શીંગડે ભેરાવ્યા

વડોદરા શહેરને ઢોર મુક્ત કરવાની વાતો માત્ર કાગળ પર જ સુંદર લાગે છે બાકી તંત્ર માત્ર જુદી-જુદી સ્કીમો જ કાગળ પર ઘડતી રહે છે. શહેરના કલાલી વિસ્તારમાંથી તાજેતરમાં અગાઉ રંગે ચંગે પસાર થતા વરઘોડામાં ભડકેલી ગાય ઘુસી જતા જાનૈયાઓમાં ગભરાટભરી નાસભાગ મચી ગઈ હતી. જેમાં ડઝન જેટલા જાનૈયાઓને બીજા પહોંચી હતી આ જાનૈયાઓ પૈકી ચારને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે શહેરના દક્ષિણ વિસ્તારના પરિવારમાં લગ્ન પ્રસંગ યોજાયો હતો. રંગે ચંગે વરરાજાની જાન ડીજેના તાલે જાનૈયાઓના નાચ ગાન સાથે સાંજે પ્રસ્થાન થઈ હતી. મહિલાઓ સહિત બાળકો વરઘોડામાં ઉલ્લાસબેન નાચગાન કરી રહ્યા હતા. મેઈન રોડ પરથી બેન્ડવાજા અને ડીજેના તાલે પસાર થતી જાન આગળ જતી હતી. દરમિયાન રસ્તા પરથી નીકળેલી ગાય અચાનક ડીજેના અવાજથી એકદમ ભડકી હતી અને જાહેર રોડ પર દોડાદોડ કરવા માંડી હતી. દોડાદોડ કરતી ગાય જોત જોતામાં વરઘોડામાં ઘૂસી ગઈ હતી. આ ઉપરાંત રોડ પરથી પણ પસાર થતા એકાદ બે જણાને શીંગડે ચડાવ્યા હતા. વરઘોડામાં ઘૂસેલી ગાયથી બચવા નાસભાગ મચી હતી. પરિણામે બગીમાં બિરાજેલા વરરાજા એકલા પડી જતા તેમને પણ ગભરાટ થયો હતો. જોકે ભડકેલી ગાયે બેથી ત્રણ મહિલા સહિત ડઝન જેટલા જાનૈયાને શીગડે ભેરવ્યા હતા. પરિણામે ઈજાગ્રસ્ત ચાર જાનૈયાઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે પાલિકા તંત્ર દ્વારા છેલ્લા કેટલાય વખતથી રોડ રસ્તે રખડતી ગાયો પકડવા બાબતે કોઈપણ જાતનું પ્લાનિંગ કે પ્રોગ્રામ નથી પરિણામે રખડતી ગાયો ટેસથી ખુલ્લેઆમ જાહેર રોડ પર મોજથી ફરીને અઠવાડ સહિત કુડો કચરો ખાવા રોડ પર ફરતી રહે છે.

## વડોદરામાં વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટની કામગીરી સદંતર બંધ કરનાર અમદાવાદના ઈજારદાર એબેલોન ક્લીન એનર્જી લિમિટેડને પાલિકાની નોટીસ




વડોદરા કોર્પોરેશને અમદાવાદના ઈજારદાર એબેલોન ક્લીન એનર્જી લિમિટેડને ૧૦૦૦ ્ઁઢ વેસ્ટ એનર્જી પ્રોજેક્ટ માટેની કામગીરી સોંપેલ હતી. કામગીરી ઈજારદાર દ્વારા બંધ કરી દેવામાં આવતા પાલિકા તંત્ર દ્વારા વારંવાર તેઓને જરૂરી સૂચના આપવામાં આવી હતી આખરે સમગ્ર કામ મામલે પાલિકા તંત્રએ ઈજારદારને અંતિમ નોટિસ પાઠવી છે અને હવે તેના અનુસંધાને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું છે. કોર્પોરેશન દ્વારા અમદાવાદના ઈજારદાર એબેલોન ક્લીન એનર્જી લિમિટેડને ૧૦૦૦ ્ઁઢ વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટ માટેની કામગીરી આપવામાં આવેલ હતી. કામગીરી અન્વયે સિવિલ વર્કની કામગીરી તથા મિકેનિકલ વર્કની તમામ કામગીરી સંપૂર્ણ બંધ કરી દેવાઈ છે. વેસ્ટનાં પ્રી-પ્રોસેસીંગની કામગીરી તા.૨૨.૦૭.૨૦૨૪થી સંપૂર્ણ બંધ છે. જેથી સાઈટ ખાતે ખુબ જ મોટી માત્રામાં વેસ્ટ જમા થયેલ છે. ઈજારદાર દ્વારા આપવામાં આવેલ પ્રોજેક્ટ એક્ટીવીટી શિડ્યુલ પ્રમાણે કામગીરીની કોઈ પ્રોગ્રેસ જણાતો નથી. પાલીકા દ્વારા એબેલોન ક્લીન એનર્જી લિમિટેડને કામગીરી માટે માર્ચ-૨૦૨૫ સુધીનું એક્ષટેન્શન રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે. એક્ષટેન્શન આપ્યા બાદ પણ ઈજારદાર દ્વારા સિવિલ વર્ક તથા મિકેનિકલ વર્કની કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ નથી તથા મિકેનિકલ ઈક્વીપમેન્ટ સાઈટ ખાતે આવેલ નથી. પ્રોજેક્ટ હાલની કામગીરી જોતા માર્ચ-૨૦૨૫માં ઈજારદાર દ્વારા કાર્યરત થઈ શકે તેવું જણાતું નથી. જે ખુબ જ ગંભીર બાબત છે.મકરપુરા રે.સ. નં.૩૪૬ સ્થિત લેન્ડફીલ ફેઝ-૧ ખાતેના ૪.૮૦ લાખ મે. ટન લેગસી વેસ્ટનો નિકાલ બાયો-રેમેડીએશન પ્રક્રિયા દ્વારા રૂ.૪૦.૪૨ કરોડના ખર્ચે વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવેલ છે. હાલમાં લેન્ડફીલ ફેઝ-૧ ખાતેના પાંચ લાખ મે. ટન વેસ્ટનો નિકાલ રૂ.૪૨.૫૫ કરોડના ખર્ચે વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની કામગીરી પ્રગતિમાં છે જ્યારે ૯.૮૦ લાખ મે. ટન વેસ્ટનો કૂલ ૮૨.૯૭ કરોડનો ખર્ચે નિકાલ થશે. ઉપરોક્ત બાબતે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ અંતર્ગત રિવ્યુ કરવામાં આવે છે. જેમાં વેસ્ટ નિકાલ માટેની કામગીરીમાં ઈજારદારની નિષ્કાળજીના કારણે પાલિકાની છબી ખરડાઈ રહી છે.

## અમદાવાદ એરપોર્ટ પર બોમ્બની ધમકીથી ખળભળાટ, સુરક્ષા એજન્સીઓ હાઇએલર્ટ

દેશમાં છેલ્લા ઘણાં સમયથી એરપૉર્ટ અને વિમાનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી છે. આ દરમિયાન જેદાહથી અમદાવાદ આવતી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટમાં એક ચિઠ્ઠી મળી આવી હતી જેમાં અમદાવાદ એરપોર્ટને જ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ સવારે ૯.૩૦ વાગ્યે પહોંચી હતી. અમદાવાદ એરપોર્ટ પોલીસ અને ૈંજીહ્લ તથા ડોગ સ્કવોર્ડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ પણ એરપોર્ટ પર પહોંચ્યા છે અને સઘન ચેકિંગ હાથ ધર્યું છે.




મળતી માહિતી અનુસાર, અમદાવાદ એરપોર્ટ પર જેદાહથી આવેલી ઈન્ડિગો ફ્લાઈટમાંથી મુસાફરો જ્યારે બહાર નીકળ્યા ત્યારબાદ ક્લિનર દ્વારા ફ્લાઈટ ક્લીન કરવામાં આવી રહી હતી. આ દરમિયાન હાથથી લખેલી ચીઠી મળી આવી હતી. જેમાં એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેને લઈને એરપોર્ટ ઓથોરિટીએ પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પર પહોંચી છે. પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ હાથ ધરી છે અને આ ચિઠ્ઠી એફએસએલમાં પણ મોકલવામાં આવશે તથા જે પણ મુસાફર ફ્લાઈટમાં હતા તેના પણ લખાણના સેમ્પલ લેવામાં આવશે.

## તંત્રી લેખ....

# રોકાણકારોનો મોહ તૂટી રહ્યો છે નવા ડીમેટ એકાઉન્ટની સંખ્યા ઘટી

શેરબજારમાં વોલેટિલિટી વચ્ચે રિટેલ રોકાણકારોનો રસ દિવસોદિવસ ઘટી રહ્યાનું નવા ડીમેટ ખાતા ખોલવાની સંખ્યાને ધ્યાનમાં રાખી કહી શકાય એમ છે. ડિસેમ્બરમાં નવા ખાતા ખોલવાની માત્રા ધીમી પડયા બાદ જાન્યુઆરીમાં પણ તે ધીમી પડયાનું ડીપોઝિટરીસના આંકડા પરથી કહી શકાય એમ છે. ડીમેટ ખાતાની સંખ્યામાં વધારો થવાનું ચાલુ રહ્યું છે, પરંતુ નવા ખાતાનો ઉમેરો જાન્યુઆરીમાં ધીમો પડી ૧૪ મહિનાની નીચી સપાટીએ રહ્યો છે. જાન્યઆરીમાં ૨૮.૩૦ લાખ નવા ડીમેટ ખાતા ખૂલ્યા છેજે નવેમ્બર, ૨૦૨૩ બાદ સૌથી ઓછા છે. ડિસેમ્બરમાં કુલ ૩૨.૬૦ લાખ નવા ખાતા ખૂલ્યા હતા. ૨૦૨૪માં મહિને સરેરાશ ૩૮.૪૦ લાખ નવા ખાતા ખૂલ્યાનું પ્રાપ્ત આંકડા જણાવે છે.ઈક્વિટી સેકન્ડરી માર્કેટમાં ગયા વર્ષના ઓકટોબરથી વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ભારે વેચવાલી વચ્ચે બેન્ચમાર્ક ઈન્ડાઈસિસમાં ગાબડાં પડવાને કારણે રોકાણકારો ખાસ કરીને રિટેલ રોકાણકારોનું માનસ ખરડાયું છે જેની અસર નવા ડીમેટ ખાતા ખોલવામાં જોવા મળી રહી છે.

ડિસેમ્બર ત્રિમાસિકમાં ભારતીય ઈક્વિટીસમાં મોટું કરેકશન જોવા મળ્યું હતું. સેન્સેક્સ ૭.૩૦ ટકા અને નિફટીમાં ૮.૩૦ ટકા ઘટાડો થયો હતો, જે ૨૦૨૨ના જૂન ત્રિમાસિક બાદ સૌથી મોટો ત્રિમાસિક ઘટાડો રહ્યો હતો.કોરોના દરમિયાન ઘેરબેઠા આવકના નવા સ્રોત તરીકે શેરબજારોમાં આકર્ષણ વધ્યું હતું અને ત્યારપછી ડીમેટ ખાતાની સંખ્યામાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. ખાતા ખોલાવવામાં સરળતા વધી જવાને કારણે પણ ખાતામાં વધારો ચાલુ રહ્યો છે.

# ૩૦૦૦ કર્મચારીઓનું લિસ્ટ તૈયાર... ગૂગલ-એમેઝોન બાદ ફેસબુકમાં આજથી મોટાપાયે છટણી




ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની મેટામાં મોટાપાયે છટણીની શરુઆત થઈ છે. મીડિયા રિપોર્ટ અનુસાર, મેટા લગભગ ૩,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી હાંકી કાઢશે. ગત શુક્રવારે કંપનીએ ઈન્ટરનલ મેમો મારફત કર્મચારીઓને છટણી અંગે માહિતી આપી હતી. આજથી છટણી પ્રક્રિયા શરુ થશે.

મેટાની છટણી પ્રક્રિયાના ભાગરૂપે કંપની ૧૧ ફેબ્રુઆરીએ કર્મચારીઓને ટર્મિનેશનની નોટિસ મોકલશે. મેટાના એચઆરના વાઈસ પ્રેસિડન્ટ જેનેલ ગેલેએ છટણી અંગેની વિગતો વર્કપ્લેસ ફોરમ પર રજૂ કરી હતી. ગયા મહિને જ આપ્યા હતા સંકેત

મેટાએ ગયા મહિને જ છટણી અંગેની વિગતો કર્મચારીઓને આપી હતી. જેમાં કુલ સ્ટાફમાંથી ૫ ટકા લોકો છટણીનો ભોગ બનશે તેવું જણાવ્યું હતું. અર્થાત્ કંપનીના કુલ વર્કફોર્સના આધારે લગભગ ૩,૦૦૦ લોકોની છટણી થવાનો સંકેત છે. ઉલ્લેખનીય છે કે, કંપનીએ કયા વિભાગ અને કયા કર્મચારીઓની છટણી કરશે તેની વિગતો જાહેર કરી નથી.આ છટણી પાછળના કારણો અંગે કંપની દ્વારા હજી સુધી કોઈ વિગતો આપવામાં આવી નથી. અહેવાલોમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે મેટા મશીન લર્નિંગ એન્જિનિયર્સ અને અન્ય છૈં સંચાલિત ભૂમિકાઓ માટે ભરતી પ્રક્રિયાઓને વેગ આપવાના હેતુ સાથે છટણી કરી રહ્યું છે.

વિશ્વની મોટી ટેક કંપનીઓમાં વર્ષ ૨૦૨૨થી સતત છટણી ચાલુ છે. આ પહેલીવાર નથી કે જ્યારે મેટાએ છટણીની જાહેરાત કરી હોય. જણાવી દઈએ કે ઝૂકરબર્ગે વર્ષ ૨૦૨૩ને કંપનીનું 'યર ઑફ એફિશિયન્સી' જાહેર કર્યું હતું અને ત્યારબાદ મેટાએ ૧૦ હજાર કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી હતી. મેટાએ વર્ષ ૨૦૨૨થી લગભગ ૨૧ હજાર નોકરીઓ પર કાપ મૂક્યો છે.

# શેરબજારમાં નવા સપ્તાહની નબળી શરૂઆત, સેન્સેક્સમાં ૪૫૦ પોઈન્ટનો કડાકો

. શેરબજારમાં કડાકાનો દોર યથાવત્ છે. આજે સોમવારે અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે સેન્સેક્સ-નિફ્ટીની શરૂઆત નબળી રહી. એક તરફ, બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેર્સવાળો સેન્સેક્સ ખુલતાની થોડી મિનિટોમાં જ લગભગ ૪૫૦ પોઈન્ટ તૂટી ગયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૧૫૦ પોઈન્ટના ઘટાડા સાથે ટ્રેડ થતો જોવા મળ્યો. આ દરમિયાન, ટાટા સ્ટીલથી ઝોમેટો સુધીના શેર લાલ નિશાનમાં ખુલ્યા હતા.

સેન્સેક્સ-નિફ્ટી ખુલતાની સાથે જ તૂટ્યાં

બજેટમાં મોટી જાહેરાતો હોય કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો રેપો રેટ ઘટાડવાનો નિર્ણય, ભારતીય શેરબજાર પર તેની છાપ છોડવામાં આ નિર્ણય નિષ્ફળ રહ્યા છે. તેના બાદ પણ બજારમાં મોટા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે સપ્તાહના પહેલા દિવસે સેન્સેક્સ અને નિફ્ટી મોટા ઘટાડા સાથે ખુલ્યા. મ્જીઈ સેન્સેક્સ ૪૫૦ થી વધુ પોઈન્ટના કડાકા બાદ હાલમાં ઘટાડો થયો અને ૭૭,૪૧૭.૩૬ પર ટ્રેડ થતો જોવા મળ્યો. તે જ સમયે, દ્ગજીઈ નિફ્ટી ખુલતાની સાથે જ ૧૫૦ પોઈન્ટ ઘટીને ૨૩,૪૧૭ પર પહોંચી ગયો હતો.

સોમવારે શેરબજાર માટે મિશ્ર સંકેતો હતા. એશિયન બજારોમાં, જાપાન, દક્ષિણ કોરિયા અને તાઈવાનના બજારો રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે હેંગ સેંગ અને ગિફ્ટ નિફ્ટી ગ્રીન ઝોનમાં હતા. પરંતુ ટ્રમ્પ દ્વારા ટેરિફની જાહેરાતની અસર વિશ્વભરના શેરબજારો પર સ્પષ્ટપણે દેખાઈ. ઉલ્લેખનીય છે કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં થતી તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ૨૫% ડ્યુટી લાદવાની જાહેરાત કરી છે. તેમણે ગયા અઠવાડિયે કહ્યું હતું કે આ તેમની વેપાર નીતિમાં બીજું એક મોટું પગલું હશે.

# ભૂખ્યાં-તરસ્યાં કલાકો સુધી ગાડીઓમાં કેદ રહ્યાં... મહાકુંભમાં ચક્કાજામમાં ફસાયેલા અનેક શ્રદ્ધાળુની આપવીતી

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં શ્રદ્ધાળુઓનો ધસારો અસાધારણ રીતે વધવાથી ઠેર-ઠેર ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ છે જેને પગલે મહાકુંભ મેળા તરફ આગળ વધતા વાહનોએ ૨૦૦થી ૩૦૦ કિ.મી. દૂરથી જ ધીમે ધીમે આગળ વધી રહ્યા છે. પ્રયાગરાજ તરફ જતા બધા જ નેશનલ હાઈવે પર ટ્રાફિક એટલો વધી ગયો કે વાહનોને મધ્ય પ્રદેશમાં રોકવામાં આવી રહ્યા છે. રાયબરેલી, કૌશાંબી, વારાણસી, જૌનપુર અને કાનપુરના તમામ હાઈવે પર ગાડીઓ જ દેખાઈ રહી હતી અને દૂર-દૂરથી આવેલા મુસાફરોને કલાકો સુધી ભૂખ્યા અને તરસ્યાં પોતાની ગાડીઓમાં 'કેદ' રહેવાની ફરજ પડી છે. ઘણી જગ્યાએ તો પોલીસે જાહેરાત કરવી પડી કે તમે હમણા પરત ફરી જાઓ અને ભીડ ઓછી થયા બાદ પવિત્ર સ્નાન માટે આવો. જોકે, લોકો માનવા તૈયાર નહોતા. બીજી તરફ મહા કુંભ મેળા વિસ્તારમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. જોકે, પોલીસ વહીવટીતંત્ર સ્નાન વ્યવસ્થિત રીતે થાય તે માટે તૈયાર છે. હવે ટ્રાફિક જામમાંથી પણ થોડી રાહત મળી છે. ત્યારે હવે મહાકુંભમાં ચક્કાજામમાં ફસાયેલા અનેક શ્રદ્ધાળુઓએ આપવીતી જણાવી છે. આ વચ્ચે દિલ્હીના યમુના વિહારથી આવેલા એક પરિવારે જણાવ્યું કે, અમારે રસ્તામાં ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો. કલાકો સુધી ગાડીઓમાં કેદ રહેવું પડ્યું. કુંભ મેળા વિસ્તારમાં પહોંચ્યા પછી પણ અમારે ઘણા કિલોમીટર પગપાળા ચાલવું પડ્યું. પરિસ્થિતિ એવી હતી કે, સંગમ નોઝ પાસે પગ મૂકવાની પણ જગ્યા નહોતી. અમે ખૂબ જ મુશ્કેલીથી સ્નાન કર્યું. હવે પરત ફરવામાં પણ સંઘર્ષ કરવો પડશે કારણ કે, હજુ પણ વિવિધ સ્થળોએ ટ્રાફિક જામના અહેવાલો મળી રહ્યા છે.પોતાના પરિવાર સાથે દિલ્હીથી મહાકુંભમાં આવેલી પૂજાએ જણાવ્યું કે, અમે શનિવારે રાત્રે ૯:૦૦ વાગ્યે નીકળ્યા હતા. રસ્તામાં ઠેર-ઠેર એટલો બધો ટ્રાફિક જામ હતો કે અમને રવિવારે સાંજે ૪ વાગ્યે પ્રયાગરાજમાં એન્ટ્રી મળી. ત્યારબા પાર્કિંગ માટે કલાકો સુધી ભટકવું પડ્યું. આમાં જ રાતના ૧૨:૦૦ વાગી ગયા. આખરે સવારે ૪:૦૦ વાગ્યે ઘાટ પર પહોંચ્યા અને સવારે ૭:૦૦ વાગ્યા પછી આસ્થાની ડૂબકી લગાવી. અમે લગભગ ૫ કિમી ચાલીને મેટાડોર કર્યું અને પછી ઘાટ પર પહોંચ્યા, જેમાં લગભગ ૩ કલાક લાગ્યા. કારણ કે ખૂબ જ ભીડ હતી. જોકે, સ્નાન કરી લીધું તેથી મનમાં સંતોષ છે.યમુના વિહારથી પ્રયાગરાજનું અંતર લગભગ ૬૭૦ કિમી છે, આ યાત્રા રોડ દ્વારા પૂર્ણ કરવામાં લગભગ ૧૧ કલાક લાગે છે, પરંતુ ટ્રાફિક જામને કારણે પૂજા અને તેના પરિવારને આ યાત્રામાં ૨૪ કલાકનો સમય લાગ્યો. ઘાટ સુધી પહોંચવામાં વધુ સમય લાગ્યો.બીજી તરફ ભદોહી-પ્રયાગરાજ હાઈવે પર મહાકુંભથી પરત ફરી રહેલી બિહારના નવાદાની રિતુએ જણાવ્યું કે, મહાકુંભમાં સ્નાન સરળ હતું પરંતુ રસ્તામાં ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો. દર ૧૦ કિમીએ ચક્કાજામની સ્થિતિ હતી. છતાં મહાકુંભ સ્નાન માટે આ કોઈ મોટી વાત નથી. તેવી જ રીતે ઝારખંડના દેવઘરથી આવેલા એક વ્યક્તિએ કહ્યું કે, સીએમ યોગીએ સારી વ્યવસ્થા કરી છે, અમારે થોડો ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો, પરંતુ આ એટલો મોટો મુદ્દો નથી. સ્નાન સારી રીતે ચાલી રહ્યું છે, સ્થિતિ નિયંત્રણમાં છે.ટ્રાફિક જામના કારણે બાળકો અને વૃદ્ધોની હાલત કફોડી બની ગઈ છે. હરિયાણાના એક યાત્રીએ જણાવ્યું કે, અમે મહાકુંભમાં સ્નાન કરવા આવ્યા હતા. અમે છેલ્લા ૩૬ કલાકથી અહીં છીએ અને બહાર નથી નીકળી શકતા. મારે હરિયાણા જવું છે. યુપી સરકાર દ્વારા કહેવામાં આવ્યું હતું કે, શ્રદ્ધાળુઓ માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ અહીં ટ્રાફિક જામના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.ગઈકાલે સાંજે પ્રયાગરાજમાં મહાકુંભ સ્નાન કરીને પરત ફરતા ભક્તોની ભારે ભીડને કારણે પ્રયાગરાજ-વારાણસી નેશનલ હાઈવે પર ભારે ટ્રાફિક જોવા મળ્યું હતું. હાઈવે પર વાહનોની લાંબી કતારો અને ટ્રાફિક જામને ધ્યાનમાં



રાખીને, ભદોહી વહીવટીતંત્રે લાલા નગર ટોલ પ્લાઝાને અસ્થાયી રૂપે ટોલ ફ્રી કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, આજે સવારે પરિસ્થિતિ સામાન્ય છે.હકીકતમાં, રવિવારે ભદોહી હાઈવે પર હજારો વાહનોનો પ્રવાહ ધસી આવ્યો હતો, જેના કારણે ઘણા કિલોમીટર સુધી ટ્રાફિક જામ થયો હતો. વાહનોની ધીમી ગતિ અને ટોલ પ્લાઝા પર લાંબી કતારોને કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. પરિસ્થિતિ જોઈને વહીવટીતંત્રે ઝડપી નિર્ણય લીધો અને ટોલ ટેક્સને કામચલાઉ નાબૂદ કરવાનો આદેશ આપ્યો.








શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ વિભાગ-૪ દ્વારા સમૂહ જનોઈ નો કાર્યક્રમ તારીખ ૯ ૨ ૨૫ ને રવિવારના રોજ શાંતારામ હોલ રાણીપ ખાતે યોજાયેલ જેમાં ૩૩ બટુકોએ યજ્ઞનો પવિત્ર ધારણ કરેલ બ્રહ્મ સમાજના અગ્રણીઓ તેમજ બ્રહ્માના ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં હાજરી આપેલ તેમ સંસ્થાના પ્રમુખ શ્રી કનુભાઈ રાવળે જણાવ્યું હતું

# પ્રથમ મહિલા ખો-ખો વર્લ્ડ કપ વિજેતા ટીમના ખેલાડી અને ડાંગની દીકરી કુ.ઓપીના ભીલારનુ ડાંગ જિલ્લામા ભવ્ય સ્વાગત


દેશનુ નામ રોશન કરનાર ભારતીય રાષ્ટ્રીય ખો-ખો ટીમના એક ખેલાડી તરીકે સફળ રહેલી કુ.ઓપીના ભીલારની માતૃભૂમિ, તેમજ પ્રાથમિક શાળા-બિલિઆંબા ખાતે આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, તથા ગ્રામ વિકાસ વિભાગના રાજ્ય મંત્રી-વ-ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિ, તેમજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક-વ-ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ સહિત ગ્રામજનોએ તેણીનુ ભવ્ય સ્વાગત કર્યું હતુ. ગૃપ ગ્રામ પંચાયત-કેશબંધ તથા પ્રાથમિક શાળા બિલિઆંબા દ્વારા આયોજિત આ કાર્યક્રમમા, પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિએ જણાવ્યુ હતુ કે, ડાંગના છેવાડે આવેલા ગામથી, સિંહની માફક છલાંગ લગાવી ઓપીના ભીલારે, વિશ્વમા જિલ્લા, રાજ્ય અને દેશનુ નામ રોશન કર્યું છે. રાજ્ય સરકાર વતી ઓપીનાની આ સિધ્ધિ બદલ મંત્રીશ્રીએ તેણીને અભિનંદન પાઠવ્યા હતા.

ખો ખો ની આ તેજસ્વી ખેલાડી એવી ઓપીનાની દરેક પ્રગતિમા,



રાજ્ય સરકાર તેણીની સાથે જ છે તેમ જણાવી, આગામી સમયમા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમા, ડાંગની દિકરીનુ ભવ્ય સ્વાગત/સન્માન સમારોહ કાર્યક્રમ યોજવામા આવશે તેમ પણ જણાવ્યુ હતુ. દેશના વર્તમાન વડાપ્રધાન અને રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ, દિકરીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણની ચિંતા કરીને, વર્ષ ૨૦૦૩મા શાળા પ્રવેત્શોવ કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. તો બાળ ખેલાડીઓને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, અને ઓલિમ્પિક સ્તર સુધી લઈ જવા માટે, વર્ષ ૨૦૧૦મા ખેલ મહાકુંભ જેવા કાર્યક્રમની પણ શરૂઆત કરાવી હતી. જેની ફળશ્રુતી રૂપે આજે ગોલ્ડન ગર્લના નામે જાણીતી દોડવીર કુ.સરિતા ગાયકવાડ સહિત ડાંગ એક્સપ્રેસના હુલામણા નામે જાણીતો થયેલો દોડવીર મુરલી ગાવિત જેવા ખેલાડીઓએ, વિશ્વ કક્ષાએ ડાંગનુ નામ રોશન કર્યું છે. આવા જ કાર્યક્રમો થકી વિશ્વ ફલક ઉપર ડાંગનુ ફરી એકવાર નામ રોશન કરનાર, ડાંગની દીકરી કુ.ઓપીના ભીલારે વિશ્વ વિજેતા ખો-ખો ટીમના એક ખેલાડી તરીકે, વર્લ્ડ કપમા પ્રથમ મેડલ મેળવી ભારતને ગૌરવ અપાવ્યુ છે, તેમ મંત્રીશ્રીએ વધુમા જણાવ્યુ હતુ. સાથે જ કુ.ઓપીના ભીલારના માતાપિતા સહિત ગુરૂજનોને પણ તેમણે અભિનંદન પાઠવ્યા હતા.

રાજ્યના છેવાડે આવેલા ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારમાંથી ખેલ પ્રત્યે રુચિ ધરાવનાર ખેલાડીઓ જ્યારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ મેળવે છે ત્યારે, તે જિલ્લા માટે પણ ગૌરવની બાબત બની જાય છે. ડાંગ જિલ્લાનું નામ દેશ અને દુનિયામા રોશન કરનાર બિલિઆંબા ગામની યુવતિ કુ.ઓપીના ભીલારે આજે શાળા, ગામ, જિલ્લા, અને રાજ્ય સાથે દેશનુ નામ પણ રોશન કર્યું છે. ખો-ખો વર્લ્ડ કપમા પ્રથમ નંબર મેળવી ડાંગના મુકુટમા વધુ એક મોરપિચ્છ ઉમેરાયુ છે તેમ, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક-વ-ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યુ હતુ. તાપી અને ડાંગ જિલ્લાના સરહદિય વિસ્તારમા આવેલા સુબીર તાલુકાના બિલિઆંબા ગામના આદિવાસી પરિવારની દિકરી કુ.ઓપીના ભીલારના સન્માન સમારોહમા, પ્રાસંગિક વક્તવ્ય આપતા, તાપીના ધારાસભ્ય શ્રી મોહનભાઇ કોંકણીએ કુ.ઓપીના ભીલાર સહિત સૌને અભિનંદન પાઠવ્યા હતા.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 223**
વિષય :- સાહિત્ય સરિતા ગૃપ તૃતીય સ્નેહ મિલન
શીર્ષક :- સાહિત્ય કલા ત્રિવેણી સંગમ
પ્રકાર :- પદ્ય શબ્દ :-૧૨૫

આ સ્નેહ મિલન અદ્ભૂત સંગીત સાહિત્ય કલા સંગમ,
અંધજન દ્વારે શબ્દ જ્યોતિ બની દિવ્ય દ્રષ્ટિ ઉદગમ.

સાહિત્યના નવરસે, ભોજનના ષડ્ રસે, ઊજવાયો રસોત્સવ; કૌશિક, કવિ કૃષ્ણ, પદ્મશ્રી વિષ્ણુ સંગ પ્રદીપ સદા.

સતીન દેસાઈ, મીનાક્ષી, પ્રીતિ, હર્ષ આનંદ યાત્રા સદા;
વસંત પંચમી, સરસ્વતી કૃપા રહો શાશ્વતી હૃદયે સદા.

સ્નેહ મિલન, સાહિત્ય એટલે જ મિલન શબ્દ અને અર્થનું;
ભાવ અને ભક્તિનું, સીમ અને અસીમનું, આત્મા અને પરમાત્માનું.

આ યંત્ર યુગે, યંત્ર બનતા માનવને માનવ રાખશે સ્નેહ મિલન;
વાદ-વિવાદ, ખટપટ, પ્રપંચની દુનિયામાં રણમાં રણદ્વિપ સ્નેહ મિલન.

પૂછો એમને કે સંયોગવશાત્ ચૂકી ગયા જે સ્નેહ મિલન,
સંજય દષ્ટિએ જાણ્યું, માણ્યું, દૂરથી અનુભવ્યું એ સ્નેહ મિલન.

નામ : દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- ર્દ સાહિત્ય સરિતા ગૃપ તૃતીય સ્નેહ મિલન
શીર્ષક :- સ્નેહ સાહિત્ય સંસ્કૃતિનો સમારોહ
પ્રકાર :- ગદ્ય - શબ્દ :- ૩૪૫

તા.૦૨.૦૨.૨૦૨૫ ની શુભ સવાર અંધજન મંડળ, અમદાવાદ મુકામે પૂર બહાર વસંત લઈ આવી. સાહિત્ય સરિતા ગૃપનો તૃતીય સ્નેહ મિલન સમારોહ ખુશીઓની ભરમાર લઈ આવ્યો. સંચાલકગણ, વહીવટી ટીમ અને સદસ્યોના સહયોગથી સમારોહ ઝળહળ થઈ ઊઠ્યો. ઘણા સદસ્યોની જેમ સંજોગોવશાત્ શ્રી દેવેન્દ્ર સર પણ સદેહે હાજર ના રહી શક્યા પણ એમના અંતરતમ શુભેચ્છા સંદેશથી સભામંડપ છલકાઈ ઊઠ્યો.

મંચસ્થ કવિશ્રી કૃષ્ણ દવે, પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, શ્રી સતીન દેસાઈ, શ્રી કૌશિકભાઈ, શ્રી જયકાન્તભાઈ, વિભૂતિબેન, પ્રદીપભાઈ, મીનાક્ષીબેનથી સભાખંડ શોભાયમાન થઈ રહ્યો. અલગ અલગ સ્પર્ધાના સ્પર્ધકો અને આયોજકોએ ખૂબ સારી રીતે કાર્યક્રમ દીપાવ્યો. પાંચ પુસ્તકોની લોકાર્પણ વિધિ ખૂબ સરસ રીતે પરિપૂર્ણ થઈ. અતિથિ વિશેષના બહુમાન અને સત્કાર સમારંભનો કાર્યક્રમ હૃદયસ્પર્શી રહ્યો. આ વર્ષ દરમિયાન જે સભ્યોએ પોતાના સ્વજનને ગુમાવ્યા તેમને મૌન શ્રદ્ધાંજલિ અર્પણ કરતા આંખે ભીનાશ ફરી વળી.

દરેક સ્પર્ધાના વિજેતાને ઈનામ વિતરણ, વહીવટી ટીમનું મોમેન્ટોથી સન્માન, અતિથિઓનું અને સહયોગી ટીમનું સન્માન, સ્નેહ મિલન સમારોહમાં હાજરી બદલ પ્રશસ્તિપત્ર, અને રીટર્ન ગિફ્ટ વિગેરેનું સહિયારું આયોજન ઉત્કૃષ્ટ રહેલ.

અગાઉ સંચાલકશ્રીએ જણાવ્યા મુજબ સવારનો :- ચ્હા, કોફી, નાસ્તો;
બપોરનું :- શુદ્ધ સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન;
સાંજે :- ચ્હા, કોફી;
રાત્રે :- મધ્યમ ભોજન
સાચ્ચે જ રંગત જમાવી દીધી.

સવારે અમે પહોંચ્યા ત્યારે જયકાન્તભાઈ, ધીનલ, સ્વીકારભાઈ આવી ગયેલા. સવારે બેનર લગાવવાથી લઈ આખો દિવસ પરસ્પર સંકલન અને સહયોગથી આ સમારોહ અવિસ્મરણીય બની રહ્યો એમાં સંશય નથી.

પગે પીડા સાથે સતત કાર્યરત સ્નેહી મીનાક્ષીબેન, ઉદઘોષક પ્રદીપભાઈ અને મનીષાબેન, આ.દિપીકાબેન, સ્પર્ધાના આયોજક સુચિતાબેન, ગ્રીષ્માબેન, નિખિલભાઈ, જયકાન્તભાઈ, દિલીપભાઈ, ધીનલ, પ્રીતિ શાહ પટેલ અને નિર્ણાયકશ્રીઓએ તટસ્થ અને સરસ રીતે કામગીરી પાર પાડેલ.

સાહિત્ય સંગીતનું વિશ્વના પ્રણેતા અને સતત નિરંતર સાહિત્ય સેવામાં પ્રવૃત્ત સરળ સૌમ્ય સ્વભાવના શ્રી કૌશિકભાઈ, નિર્મોહી પ્રકાશનના શ્રી અંકિતભાઈ અને ભારતીબેન, જીતેન્દ્રભાઈ, ભરતભાઈ, હસમુખ પટેલ, રજનીકાન્તભાઈ વિગેરે વ્યક્તિવિશેષનું સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી કૌશિકભાઈના સહધર્મચારિણી અને મધુર મિતભાષી આ. રાજુલબેનની ખોટ ખૂબ સાલી.

જે સભ્યો ઊપસ્થિત નહીં રહી શકેલા અને ભૌગોલિક રીતે દૂર હતા તેમના માટે કાર્યક્રમની લાઈવ લિંકનો બંદોબસ્ત પણ કરવામાં આવેલ.

ખરેખર! સવારના આઠથી રાતના નવ વાગ્યા સુધીનો સમય ક્યાં પસાર થઈ ગયો, ખ્યાલ જ ના રહ્યો. અત્રે, ઊપસ્થિત તથા અનુપસ્થિત સાહિત્ય સરિતાના તમામ આત્મીય પરિવારજનોનો ખૂબ ખૂબ આભાર. ખૂબ સારા અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સાથે રહેવાનું અને છૂટા પડવાનું થયું.

સાહિત્ય સરિતાના આવનારા સંમેલનની પ્રતીક્ષામાં પ્રતીક્ષારત પ્રીતિ...
પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 343**
વિષય:- સાહીત્ય સરિતા ગ્રુપ તૃતીય સ્નેહમિલન
શીર્ષક :-સદા સ્મરણીય અવસર
પ્રકાર;- પધ શબ્દો:-૮૫

વસંતપંચમીના અમદાવાદ અંધજન મંડળ હોલમાં હતો અનેરો સાહિત્યક અવસર,
ગાંધીનગર ન્યૂઝ આયોજિત સાહિત્ય સંગીતનું વિશ્વગ્રુપ નાં સહયોગ આયોજનમાં કઈ હતી નહીં કસર ,
કવિ લેખકો દ્વારા મળ્યો સ્નેહ મિલનમાં સાહિત્યક વિવિધતાનો દરેક અનેરો રસ,
દિગ્ગજ મહેમાનોનાં સથવારે પ્રોત્સાહિત કરતાં જેની થઈ સર્વ પર મનોમન અસર ,
સંજોગોવસાત મારા જેવા ગેરહાજર મિત્રોએ પણ ઓનલાઈન પ્રસારણથી છૂપાવી સાહિત્યક તરસ,
અંધાશ્રમમાં સુર્ય "ચંદ્ર" નાં ઉજ્જવળ પ્રકાશ જેવો રહ્યો સાહિત્ય સરિતા ગ્રુપનો સ્નેહ મિલનનો સદા સ્મરણીય અવસર.
" ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS NO - 0050**
વિષય - તૃતીય સ્નેહ મિલન.
શીર્ષક - રૂડો અવસર.
પ્રકાર - પદ્ય, સંખ્યા - ૯૦
.......................................
આવ્યો આવ્યો રૂડો અવસર "સાહિત્ય સરિતા ગ્રુપમાં"
તૃતીય સ્નેહમિલન ,
આતો અમદાવાદનાં
અંધજન મંડળ હોલમાં કેવો રૂડો અવસર ...!

મેં તો કર્યો મિસ કેવો..?
બધાને મલવાનો અવસર ખોયો..!
ખુશીઓનો ભરપૂર અવસર ખોયો ..!

એમાં મહારથીયો કવિઓ
શ્રી કૃષ્ણ દવે ,પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા ,શ્રી સતીશ દેસાઈ ,
શ્રી કૌશિકભાઈ , શ્રી જયકાતભાઈ, વિભૂતિબેન વડીલ શ્રી પ્રદીપભાઈ ,
આદરણીય શ્રી મીનાક્ષીબેન, સભાખંડમાં બીજા અનેકો કવિ ગણો ને માણવાનું લાવો ખોયો...!

એમાં વિજયતાને ઈનામ વિતરણ, અતિથિ સત્કાર, પ્રમાણપત્ર બધું જ ખોયું..!
ચા , સ્વાદિષ્ટ ભોજન સાથે સમારંભ પૂરો થયો ..!

યાદોનું ભ્રમણ પહેલાં ના પ્રસંગોનું મનથી મનન કરી યાદોના સંભારણામાં ફોટા સાથે પૂર્ણ થયો...!

હવે આવશે નવાં વર્ષનો પ્રોગ્રામ ત્યારે આવવાની કોશિશ જરૂર કરીશ..!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- ★ર્દ સાહિત્ય સરિતા ગ્રુપ તૃતીય સ્નેહમિલન★
શીર્ષક-"★આનંદનો રૂડો અવસર★"
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૯

૨ ફેબ્રુઆરી અને વસંતપંચમીનો દિવસ એ ન્યૂઝ ઓફ ગાંધીનગર (ર્દ) સાહિત્ય સરિતાના બધા જ સર્જક સભ્યો માટે એક આનંદનો રૂડો અવસર બનીને રહી ગયો. આ દિવસે અંધજન મંડળ, વસ્ત્રાપુર અમદાવાદના હોલ ખાતે ર્દ સાહિત્યસરિતા ગ્રુપનું તૃતીય સ્નેહમિલન યોજાઈ ગયું, જે વિશેષ રીતે યાદગાર બની ગયું. આ સ્નેહમિલન મેળાવડામાં સાહિત્યસરિતા ગ્રુપના ઘણા બધા નવોદિત કવિઓ અને લેખકોને પ્રત્યક્ષ એકબીજાને મળવાનો અને સાહિત્યગોષ્ઠી કરવાનો અવસર પ્રાપ્ત થયો.

કાર્યક્રમની શરૂઆત સવારે ૯.૦૦ કલાકે સવારના નાસ્તા સાથે થઈ. ગ્રુપના માનનીય સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલ અને મીનાક્ષીબેન રાવલ સહુ સભ્યોને પ્રેમથી આવકારતા હતા. સભ્યોને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા. મીનાક્ષીબેનની નાદુરસ્ત તબિયત હોવા છતાં સવારથી સાંજ સુધી આખા કાર્યક્રમમાં સતત ખડે પગે કાર્યરત રહ્યા. ર્દ સાહિત્ય સરિતા ગ્રુપના સહયોગી એવા યુએસએથી સંચાલન થતા જાણીતા સાહિત્યિક ફેસબુક ગ્રુપ 'સાહિત્ય સંગીતનું વિશ્વ'ના સંચાલક શ્રી કૌશિકભાઈ શાહ યુએસએથી આ સ્નેહમિલનમાં હાજરી આપવા ખાસ
આભાર - નિહારીકા રવિયા ઉપસ્થિત રહ્યા હતા, જે સાચે જ બધા માટે અત્યંત આનંદનો વિષય હતો. જાણીતા કવિ શ્રી કૃષ્ણભાઈ દવેની વિશેષ ઉપસ્થિતિ સાથે કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ. આખાય કાર્યક્રમનું મંચ સંચાલન ગ્રુપની એડમીન પેનલના સભ્ય ડૉ. મનીષાબેન વ્યાસે કર્યું. શ્રી પ્રદીપભાઈએ કાર્યક્રમમાં ઉપસ્થિત ગ્રુપના બધા જ કવિ તથા લેખક સભ્યોની વ્યક્તિગત ઓળખ આપી સમારંભને વધુ જીવંત બનાવ્યો.

કવિ શ્રી કૃષ્ણભાઈ દવેએ ઉદબોધન કર્યું અને તેમની શ્રેષ્ઠ કહી શકાય તેવી કાવ્ય રચનાઓ તેમની વિચક્ષણ શૈલીમાં પઠન દ્વારા પ્રસ્તુતિ કરી સહુને રસતરબોળ કરી દીધા. ત્યારબાદ ગ્રુપના લેખકોના સહીયારા વાર્તાસંગ્રહ 'પ્રયાગરાજ'ના પુસ્તકનું વિમોચન નિર્મોહી પ્રકાશના પ્રકાશક શ્રી અંકિતભાઈ ચૌધરી, ભારતીબેન ભંડેરી અને 'સાહિત્ય સંગીતનું વિશ્વ' ગ્રુપના શ્રી કૌશિકભાઈ શાહની હાજરીમાં કવિ શ્રી કૃષ્ણ દવેએ કર્યું. બપોરે સહુએ સાથે મળીને સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો. બપોર પછી આયોજિત ગદ્ય પઠન, પદ્ય પઠન, એકાંકી અને કરાઓકે સંગીતની સ્પર્ધાઓમાં બધાએ ઉત્સાહભેર ભાગ લીધો અને ખૂબ આનંદનું વાતાવરણ સર્જાયું.

સાંજે કાર્યક્રમમાં આમંત્રિત વિશેષ અતિથિઓ એવા સાહિત્યજગતના પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને જાણીતા ઉર્દુ ગઝલકાર ડૉ. સતીનભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં સુચિતાબેન રાવલ અને નિખિલભાઈ કિનારીવાળાના પ્રકાશિત પુસ્તકોનું પણ વિમોચન સંપન્ન થયું. આમંત્રિત વિશેષ અતિથિઓએ સભાગૃહને સંબોધિત કરી પ્રોત્સાહિત કર્યા. સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમના અંતે સહુ હળવું ભોજન લઈને કાયમી યાદગાર સંસ્મરણો સાથે છૂટાં પડ્યા.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 371**
વિષય:- સાહીત્ય સરિતા ગ્રુપ તૃતીય સ્નેહમિલન
શીર્ષક : અવસર રૂડો
પ્રકાર;- પધ શબ્દો:- ૧૧૫

હતી વસંત પંચમીને હતો અવસર રૂડો અનોખો,
અમદાવાદ અંધજન મંડળ હોલમાં મળ્યા,તા માનવીઓ અનોખા.

કંઈ કેટલાય દિવસોના ઈન્તજાર પછી આ ધડી આવી,
સાહિત્ય સરિતા ગ્રુપ તૃતીય સ્નેહમિલનની ધડી આવી.

દૂર દૂરથી કવિઓ લેખકો નાટ્યકારો ને રચનાકારો,
સાથે નિતનવા માનવીઓનો જાણે મહેરામણ ઉમટયો.

દેશના ખુણે ખૂણેથી આવ્યા મળવા એકમેકને,
વિદેશથી આવેલા કૌશિક ભાઈએ ચાર ચાંદ લગાવ્યા.

એક એકથી ચડિયાતી રચના પદ્ય ગદ્ય એકાંકી ને કરાઓકે,
દિવસ ક્યા પૂરો થયો કંઈ ખબર જ ન રહી ડૂબ્યાં સ્નેહમાં સર્વે.

કહે ચાંદની અહોભાગ્ય અમારા અમે બન્યા સાક્ષી સાથીને એમાના જ એક,
રહેશું સદા સાથેને ઉજવીશું દર વખતે આપણું અનોખું સ્નેહમિલન.

સ્નેહમિલન માટે લખવા શબ્દો મળતા નથી કારણ કે,
આંખોએ જોયું દિલે મેહસૂસ કર્યુ કાને સાંભળ્યું ને હાથ લાચાર ન લખી શકવા માટે.
ભાવના જોષી ચાંદની
વડોદરા હાલ છોટાઉદેપુર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SSO NO: 229**
વિષય - તૃતિય સ્નેહ મિલન સંમેલન
શિર્ષક - પવિત્ર-પર્વ સમાન ત્રીજું સુખદ સ્નેહ-મિલન
પ્રકાર: પદ્ય શબ્દો - ૩૨૫

તાઃ ૨- ૨- ૨૦૨૫ ના રોજ આપણે તૃતીય સ્નેહમિલન સમારંભ અત્યંત પવિત્ર, સફળતાપૂર્વક,ભાવનાશીલ, સન્માનદાયક, સસ્નેહાળ વાતાવરણમાં સુખદ રીતે સંપન્ન થયો. આ પર્વ એવું હતું કે પ્રયાગરાજ માના કુંભ સ્નાનના અમૃત સમાન પર્વ દરમ્યાન ગંગા,જમના અને સરસ્વતી એ ત્રણ પવિત્ર નદીઓના સંગમ સ્નાને અનેક લોકો ધન્ય થયા તેમ આપણા સ્નેહમિલનમાં આવનાર સભ્યો પણ પોતાની જાતને ધન્ય માનવા લાગે છે.

પ્રસ્તુત સમારંભમાં દેશ-વિદેશ અને ગામ-બહાર ગામથી આવેલા વિવિધ કલા સાહિત્ય પ્રેમીઓએ આખા દિવસ દરમિયાન આ બારમાસી તહેવાર માણ્યો. સવારથી નિત્યક્રમ અનુસાર એટલું શિસ્ત બદ્ધ, ઉમદા અને પ્રોત્સાહક આયોજન આપણા મંડળના આયોજકોએ કરેલું હતું કે, હાજર મહેમાનો અને દરેક કલા રસિકોને કોઈપણ તકલીફ ન પડી. વળી ઉત્તમ ચા નાસ્તા સાથે ભોજનનો આસ્વાદ માંણતા સ્વર્ગના સુખ માણ્યા જેવો અનુભવ થયો.

આ મંડળ ખરેખર અતુલ્ય અદભુત અને આસ્વાદીય મહત્વ ધરાવે છે. જે આપણી જ્ઞાનપીપાસા, કલા સાહિત્યની રુચિ અને આંતરમન સાથે વ્યક્તિત્વમાં છુપાયેલી શક્તિઓને બહાર લાવી પુસ્તકમાં,સ્ટેજ ઉપરની અભિવ્યક્તિમાં કે સમગ્ર વિશ્વમાં છવાઈ જવાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે.

આપણો પ્રોગ્રામ મોંઘેરા મહેમાનોની હાજરી,આયોજક-ટીમના અનુભવ અને ભાગ લેનારા સભ્યોની કલા-અભિવ્યક્તિના ઉત્સાહથી દીપી ઉઠ્યો! આખા દિવસના ક્રમ અનુસાર પ્રોગ્રામોથી અંધજન મંડળનો આખો હોલ આનંદ-ઉમંગથી ગાજી ઉઠ્યો.

આપણા પ્રોગ્રામમાં સ્વાદિષ્ટસવાર સાંજ ચા-નાસ્તા સાથે ટેસ્ટી ભોજનની વ્યવસ્થાએ સહુનાં તન-મનને સંતૃપ્ત કરવા સાથે સ્ટેજ ઉપર રજૂ થયેલી સ્નેહ સંબંધે શક્તિ સૃષ્ટિ સમાન લાગતાં તેણે શ્રોતાગણ, નિર્ણાયકગણ અને મહેમાનોને આનંદિત,રસભોગ્ય અને એવા અવાચક બનાવી દીધા કે,સૌ એક કરતાં દર વર્ષે વધુ આવા પ્રોગ્રામ કરવાના સૂચનો કરવા લાગ્યા.

સદસને મિલન સમારંભમાં અમેરિકાથી પધારેલ સુજ્ઞશ્રી કૌશિકભાઈ શાહ,ગાંધીનગરના જન-ફરિયાદના તંત્રી પ્રદીપભાઈ અને મીનાક્ષીબેન તથા નાની-અનામી ગામ-પર ગામના આયોજકો અને સભ્યોની હાજરીઓએ સફળતામાં ચાર ચાંદ લગાવી દીધા. આ દરેક મહાનુભવોએ આદમ્ય ઉત્સાહ દાખવીને સમગ્ર પ્રોગ્રામને શ્રેષ્ઠ પ્રસિદ્ધિ આપવા સાથે ઉત્તમ સાહિત્યના જ્ઞાન સાથે ગમ્મતસભર બનાવી દીધો.

આવા અલભ્ય,ભાતીગળ,સર્વાંગી, પ્રગતિકારક અને વિશ્વવ્યાપી મંડળ હોવાના ગૌરવને મૂર્તિમંત બનાવી આપણે સૌએ પ્રત્યક્ષ અને પરોક્ષ આ પ્રોગ્રામને માણ્યો તેના આનંદ ઉત્સાહને અદ્વીતીય બનાવી દીધો છે. જેથી તો સમગ્ર પ્રોગ્રામ માણવો એ અહોભાગ્યની વાત ગણાય...!
★લેખક - "પ્રપાશી" પરેશ મ. પાઠક.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG S.S. NO.0059**
વિષય: ર્દ સાહિત્ય
સરિતા તૃતિય
સ્નેહ મિલન
શીર્ષક ; હેટ્રીક ની
હેડ લાઈન
પ્રકાર:ગધ્ય
શબ્દ સંખ્યા ૩૪૫
લેખક જયકાન્ત ઘેલાણી
પ્યારે
ક્રિકેટ ટીમ વચ્ચે વન ડે મેચ રમાતી હોય, મેચનું પલ્લુ ક્યારે કંઈ બાજુ નમશે તે કહેવુ અસંભવ હોય ?, તેવી કટોકટીની વેળાએ અચાનક સામેના છેડેથી ધડાધડ બે વિકેટ પડે ત્યારે જોનારા અને
કોમેન્ટરી સાંભળનારા
મોટા અવાજે ★હેટ્રીક★
★હેટ્રીક★ ના નારાથી
સ્ટેડિયમ ને શેરીઓ ગજવતા હોયછે ખરૂને મિત્રો ?
ચાલો પ્યારે
ર્દ સાહિત્ય સરિતા પરીવાર ની હેટ્રીક નો આખે દેખ્યો માહોલ માણોએ
ઊગ્યુ ૨.૨.૨૫ રવિવારને વસંતપંચમીનુ મંગલ પ્રભાત, ખીલી ઊષા, લાવી પ્રેમ પુષ્પનો રસથાળ.
ર્દ સાહિત્ય સરિતા સભ્ય પરિવાર ખૂશમ ખૂશ હેટ્રીક સમા સમારંભ નો શૂભારંભ થાય
ચા- કોફી નાસ્તાને યોગ્ય ન્યાય અપાય. અમ્પાયર
શ્રીમતી મિનાક્ષીબેન અને
શ્રી પ્રદિપભાઈ નુ આગમન ઉમંગ સાથે આવકારાય
ડો. મનિષાબેન ના સુમધૂર સૂર સાથે 'ઈતની શકિત દેના' સમુહ પ્રભુપ્રાથર્ના થી શૂભ શરૂઆત થાય.
સદગત આત્માઓને
શ્રધ્ધાજંલી અપાય.
પીચ નિરક્ષણ માટે,
પ્રિતીપટેલ +હશુ પટેલ સાથે ઘેલાણી જોડાય. વિભૂતીબેન નો આનંદ ન સમાય.સમગ્ર સભ્ય પરિવારના ચહેરા
અંધજન મંડળના આંગણે તેજે મલકાય.
ગુલાબફૂલ,ચોકલેટ આપી દરેકનુ ભવ્ય સ્વાગત થાય
લાઈવ ટેલીકાસ્ટ માટેની
આગવી વ્યવસ્થા થાય
મિનાક્ષીબેન ને પ્રદિપભાઈ
સૌને આવકારતા જાય
પૂજાબ્હેન ને ઓમભાઈનુ
માર્ગદર્શન કામ કરતુ થાય એડમીન શ્રી કૌશિકભાઈ નુ આગમન થાય સાથે વિદેશથી આવેલા મોંઘેરા સભ્ય શ્રી રમેશભાઈ પટેલ,મૂકેશભાઈ પરીખ, તેમજ ઓસ્ટ્રેલિયા થી શ્રી જશુભાઈ પટેલ પરિવારના જુદા શહેર- ગામથી આવેલા નિર્મોહી પ્રકાસનના
શ્રી અંકિતભાઈ શ્રી રજનીકાન્તભાઈ રાવલ, શુસીલાબેન રાવલ, ધારીણીબેન શુક્લા,શ્રી નરેશભાઈ દાતણિયા,શ્રી જીતેન્દ્રભાઈ દિપીકાબેન સાંગાણીભાઈ વિગેરે નામી અનામી
સભ્યોની હાજરીથી હૉલ ભરાતો જાય, એડમિન શ્રી રતીભાઈ વાયડા અને રાજુલબેન શાહ ની પરોક્ષ હાજરી નોંધાય. ડો.મનિષાબેન તેની મધુરભાષા સાધે વિવિધ ક્વોટેસન સાથે આગવી કોમેન્ટરી- સંચાલન સંભાળતા થાય
વિવિધ પ્રવૃતિઓની ભવ્ય રજુઆત થાય કરતાલ થી સૌને પ્રોતસાહન અપાય
કૃષ્ણકાન્ત ભાઈ દવેનુ
આગમન થાય
ચોમેર દીપ પ્રાગટ્યના
ઓજસ પથરાય.
અરસ પરસ પરિચયની આપલે થાય
કૃષ્ણભાઈની અર્થસભર
કવિતાના ગૂંજે ગાન
વન્સમોરની ફરમાઈસો
પુરી ન થાય.સમૂહ ભોજનના વિવિધ
સ્વાદિષ્ટ વ્યંજનો ને
ન્યાય અપાય.
પહેલી ઈનીગં ની અફલાતૂન બેટીંગ નો આનંદ વાગોળાય.
બીજી ઈનીંગ ની જોરદાર શરુઆત થાય પાંચ પાંચ લેખક કવિમિત્રોની બુક્સ ના યાદગાર વિમોચન થાય સૌના હૈયા પૂલકીત થાય.
ગધ્ય -પધ્ય-એકાંકિ સાહિત્યિક ક્વીઝ નુ સુંદર આયોજન સોહાય વિજેતાઓને પુરસ્કાર આપી સન્માનિત કરાય.
કરાઉકે ગીતમાલા નુ આગમન થાય હોલમા હર્ષના ચોક્કા છક્કાની લ્હાણી થાય.
મૂખ્ય અતિથિ પદ્મશ્રી
વિષ્ણુ પંડ્યાનીસાહિત્યની વાતો સાંભળી રશીકજનો ગદગદ થાય તો ધુંરધર વિખ્યાત ગઝલ સમ્રાટ શ્રી સતીન દેશાઈ ની કવિતાના વન્સમોર ની ફરમાઈસો ગૂજે .
અતિથિ ભવો; નુ બહૂમાન સિલ્વર મોમેન્ટો અને શાલશ્રી થાય.
એડમીન ટીમનુ બહુમાન સીલ્વર મોમેન્ટો અને યાદગાર ગિફ્ટ થી થાય તો સમસ્ત સભ્યોને યાદગાર સર્ટીફિકેટ આપી ને થાય.
શ્રીઅંકિતભાઈ ચૌધરી, ભારતીબેન ભંડારી ની હાજરીની વિશેષ નોંધ લેવાય.
આ આયોજનમા નામી અનામી કાર્યકર્તા ઓનુ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ યોગદાન સૂવર્ણ અક્ષરે મઢેલુછે. ઉમરમા
સૌથી નાની દિકરી ચિ. ધીનલનુ અમૂલ્ય યોગદાન ફોટોગ્રાફી અને વિડીયોંગ્રાફી મા રહેલછે.
નામ અને કામ ના ઉલ્લેખમા કોઈ ક્ષતી રહી હોયતો ક્ષમામાગી પ્યારે વહેલી તકે મળવાના કોલ આપતા જાય.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 0088**
વિષય : તૃતિય સ્નેહમિલન
શીર્ષક : યાદગાર સ્નેહ સંભારણું
પ્રકાર : ગદ્ય - શબ્દો :

"સોના વરણો સૂરજ ઊગ્યો.." હા ખરેખર તારીખ ૦૨/૦૨/૨૦૨૫, રવિવારને વસંતપંચમીના મંગલ પ્રભાતે ર્દજીજીમાં તૃતિય સ્નેહમિલન ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક અને જનફરિયાદ સાપ્તાહિકના તંત્રી તેમજ સાહિત્ય સરિતા ગ્રૂપના સંચાલક શ્રી પ્રદીપભાઈ અને સહ સંચાલક અને ઓડિયો, વિડિઓ ન્યૂઝ એડિટર શ્રીમતિ મીનાક્ષીબેનના સુંદર આયોજનથી સંપન્ન થયું. સાહિત્ય રસિકો અને આરાધકોએ અંધજન મંડળના પ્રાર્થના હોલમાં શબ્દસાધનાનાં અજવાળાં પાથર્યાં.

સૌ સવારથી જ અનેરા આનંદ, ઉત્સાહથી હર્યાભર્યા હતાં.

ર્દ સમારંભનો શુભારંભ ચા- કોફી, સ્વાદિષ્ટ નાસ્તાને યોગ્ય ન્યાય આપી થયો.

સાત સમંદર પાર વિદેશથી પધારેલા મોંઘેરા સભ્ય શ્રી સાહિત્ય સંગીતનું વિશ્વના સાહિત્ય રસિક એડમીન શ્રી કૌશિકભાઈ શાહનું આગમન સહુ માટે ખૂબજ પ્રોત્સાહક હતું. સાથે રમેશભાઈ પટેલ, મુકેશભાઈ પરીખ, તેમજ ઓસ્ટ્રેલિયાથી શ્રી જશુભાઈ પટેલ વગેરે એ સમારંભમાં હાજર રહીને ઉત્સાહમાં વધારો કર્યો હતો. પરિવારના અન્ય સદસ્યો જુદા જુદા શહેરો-ગામથી પધારી આખા કાર્યક્રમને રંગત વધારી હતી. એડમિન શ્રી રતિભાઈ વાયડા અને સાહિત્ય સાધક બેલડી(શ્રી કૌશિકભાઈનાં ધર્મપત્ની) શ્રીમતિ રાજુલબેન શાહની તેમજ સંજોગોવસાત ના આવી શકનારા સભ્યો જ્યારે કાર્યક્રમનું ઓનલાઈન પ્રસારણ કરવામાં આવ્યું ત્યારે પરોક્ષ હાજરી વર્તાઈ. દીપપ્રાગટ્ય, સમૂહ પ્રાર્થના કરીને સૌનું ગુલાબફૂલ, ચોકલેટ આપીને સ્વાગત કરી, આમંત્રિત મહેમાન શ્રીઓનું શાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત થયું.

નિર્મોહી પ્રકાશનના તેમજ પ્રયાગરાજ વાર્તાસંગ્રહના સંપાદક
શ્રી અંકિતભાઈ "શિવ", સહ સંપાદક ભારતીબેન ભંડેરી, પ્રયાગરાજ વાર્તાસંગ્રહમાં સંમોહક ઓડિયો અવાજ આપનાર શ્રી રજનીકાન્તભાઈ રાવલ, કવિવર શ્રી કૃષ્ણભાઈ દવે ની ઉપસ્થિતિમાં પ્રયાગરાજ વાર્તાસંગ્રહનું વિમોચન થયું.
કવિવર શ્રી કૃષ્ણભાઈ દવેની સુંદર કવિતાઓનો આસ્વાદ વાહ.. " ધૂણો ત્યારે ધખે.." કટાક્ષસભર કવિતાની મોજ માણી.

મધ્યાહને હરિહરમાં સ્વાદિષ્ટ મનભાવન બ્રહ્મભોજન વાહ.. લાજવાબ ચટાકો.

બપોર પછીના સેશનમાં પદ્ય રચના પઠનમાં આયોજક શ્રીમતિ સુચિતાબેન, ગદ્ય રચના પઠનના આયોજક શ્રીમતિ પ્રીતિબેન , એકાંકીના આયોજક શ્રીમતિ ગ્રીષ્માબેન, કરાઓકે ગીત સંગીત સ્પર્ધાનું આયોજન શ્રી નિખિલ કિનારીવાલા વગેરે તેમજ નિર્ણાયક ટીમ દ્વારા સ્પર્ધાનું સુંદર આયોજન થયું હતું. જયકાંતભાઈ ઘેલાણી દ્વારા સુંદર ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંચાલક શ્રી તથા ઍડમિન ટીમ માટે ટ્રોફી પણ તેઓ લાવેલા.

લેખક કવિમિત્રોના એક સાથે પાંચ પાંચ પુસ્તકોનું યાદગાર વિમોચન થયું. વિખ્યાત ગઝલ સમ્રાટ શ્રી સતીનભાઈ દેસાઈના વક્તવ્યએ કવિતાના ચાર ચાંદ લગાવી દીધા.

મુખ્ય અતિથિ શ્રી પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા સાહેબની સાહિત્યની અને સંઘર્ષની અદ્ભુત વાતો સાંભળી સાહિત્યજનો ડોલી ઉઠ્યા હતા. શિક્ષણવિદ્ શ્રીમતિ ધારીણીબેનની સુંદર બટવા ભેટ આશીર્વાદ સૌને મળ્યા.

સૌ સભ્યોને યાદગાર સર્ટીફિકેટ, મોમેન્ટો આપી બિરદાવ્યા હતા. એડમિન ટીમના આદરણીય વિભૂતિબેન, જયકાંતભાઈ, રતિભાઈ, કૌશિકભાઈ ડૉ. મનીષાબેન, વગેરેને સુંદર મોમેન્ટો આપીને બિરદાવ્યા હતા.

દિકરી ધીનલે અમૂલ્ય ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરીને તો પ્રદીપભાઈનાં સંતાન ઓમ અને પૂજાએ ઑનલાઈન પ્રસારણમાં નોંધનીય યોગદાન આપેલ.
સાંજે ફોટો પડાવી યાદગાર સંભારણું બનાવીને રુચિકર ભોજન કરીને સૌ ફરી પાછાં જલ્દી મળવાના વાયદે છૂટાં પડ્યાં.
મને આવા ભવ્ય કાર્યક્રમમાં એન્કરિંગની તક આપવા બદલ શ્રી પ્રદીપભાઈ અને મીનાક્ષીબેનનો તેમજ સહુ મિત્રોનો દિલથી ખૂબ ખૂબ આભાર. કોઈ ભૂલચૂક હોય તો માફ કરશો.
ડૉ. મનીષા વ્યાસ
અમદાવાદ

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદના ૩૧મા સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત આજે ૪૦૦૦ કિલો(૨૦૦ મણ) ઘાસચારો નાખવામાં આવ્યો




આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન સંલગ્ન સંસ્થા જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ આજથી ૩૧ વર્ષ પહેલા ૧૦ ફેબ્રુઆરી ૧૯૯૪ ના રોજ બોટાદમાં સ્થાપક પ્રમુખ શ્રી લલિતભાઈ ભદ્રકિયા સાહેબના નેતૃત્વમાં શરૂ કરવામાં આવેલ સંસ્થાને આજે સતત સેવાકીય પ્રવૃતિ કરતા ૩૧ વર્ષ પૂર્ણ કર્યા અને ૩૨ માં વર્ષમાં મંગલ પ્રારંભે જાયન્ટસ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા આજે શ્રી દામુભાઈ ની વાડી,બોટાદ મહાજન પાંજરાપોળ,તુરખા રોડ ખાતે ગાયોને લીલો ઘાસચારો ખવડાવી સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવેલ આ પાંજરાપોળ ખાતે ૪,૦૦૦ કિલો (૨૦૦ મણ) જેટલો અંદાજે ૨૦,૦૦૦ ની કિંમત નો લીલો ઘાસચારો ગાયો તથા ત્યાંના પશુઓ માટે આપવામાં આવેલ અને "ગૌસેવા એ જ પ્રભુ સેવા" નું સૂત્ર સાર્થક કરવા પ્રયત્ન કરેલ. આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી ચંદુભાઈ સાવલિયા, ફેડરેશન આઈ.પી.પી કેતનભાઈ રોજેસરા,સેક્રેટરી દીપકભાઈ માથુકિયા,ઉપપ્રમુખશ્રી ડો.પરેશભાઈ દરજી, લાલજીભાઈ કળથિયા,મુકેશભાઈ જોટાણીયા,રાજુભાઈ ડેરૈયા,ઈમરાન ભાઈ રાવાણી,નરેશભાઈ માવાણી,પ્રોજેક્ટ ચેરમેન વિજયભાઈ રોજેશરા વિરેનભાઈ રાજગોર, શૈલેષભાઈ પરમાર વગેરે સભ્યો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્ન હાથ ધરેલ. અહેવાલ કનુભાઈ ખાચર

## ડાંગ દરબાર-૨૦૨૫ના આયોજન અંગે બેઠક યોજાઈ

# સંભવિત તા.૮ થી ૧૨ માર્ચ સુધી હોળી પહેલા ડાંગ દરબાર યોજાશે

આહવા

ડાંગ જિલ્લાની ભાતીગળ લોક સંસ્કૃતિને ઉજાગર કરતાં 'ડાંગ દરબાર'ના ઐતિહાસિક લોકમેળાના આયોજનની તારીખ સંદર્ભે આજરોજ જિલ્લા પંચાયત કચેરીના સભાખંડમા, ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી રાજ સુથારના અધ્યક્ષ સ્થાને ડાંગ દરબાર-૨૦૨૫ના આયોજન અંગેની એક બેઠક યોજાઇ હતી.

આગામી મહિનાની સંભવિત તા.૮ થી ૧૨ માર્ચ ૨૦૨૫ સુધી, હોળી પહેલા ડાંગ દરબારના મેળાનું આયોજન કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, ડાંગ દરબારનો મેળો પરંપરાગત રીતે દર વર્ષે યોજવામા આવે છે. આ મેળો હોળીના પાંચ દિવસ પહેલા યોજવામા આવે છે. ડાંગ દરબારનુ ઉદ્ઘાટન માન.રાજ્યપાલના હસ્તે કરવામા આવે છે. રાજ્યપાલ દ્વારા ડાંગ જિલ્લાના પાંચ રાજવીશ્રીઓનુ સન્માન કરવામા આવે છે.

જિલ્લા પંચાયતના સભાખંડમા યોજાયેલ બેઠકમા નાયબ દંડક શ્રી વિજયભાઇ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઇન, રાજવી શ્રી તપતરાવ આનંદરાવ દહેર, શ્રી ભવરસિંગ હસુસિંગ લીગા, શ્રી ધનરાજસિંહ ચંદ્રસિંહ વાસુર્ણા, શ્રી ત્રીકમરાવ સાહેબરાવ પીંપરી, તેમજ આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઇ ચૌધરી, આહવા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી હરિચંદભાઇ ભોયે, ઉપ સરપંચ શ્રી હરિરામભાઇ સાવંત, સહિત ઈન્ચાર્જ અધિક નિવાસી કલેક્ટર શ્રી મેહુલ ખાંટ, પ્રાંત અધિકારી સુ.શ્રી કાજલ આંબલીયા, નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનિલ પાટીલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હિમાંશુ ગામિત, આહવા મામલતદાર શ્રી યોગેશ ચૌધરી, ચૂંટણી ઇન્ચાર્જ મામલતદાર શ્રી મિનેશ ગાયકવાડ, મદદનિશ વન સંરક્ષક સર્વેશ્રી રાહુલ પટેલ, હાર્દિક ચૌધરી સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ જિલ્લામાં એલીમીનેશન ઓફ લીમ્ફેટીક ફાઈલેરિયાસીસ અંતર્ગત સામુહિક દવા વિતરણ શરૂ કરાયું

ડાંગ જિલ્લામાં એલીમીનેશન ઓફ લીમ્ફેટીક ફાઈલેરિયાસીસ અંતર્ગત સામુહિક દવા વિતરણના કાર્યક્રમની શરૂઆત કરાવતા, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે, સ્વયં ગોળી ગળી તાલુકાના તમામ લક્ષિત લાભાર્થીઓને ગોળી ગળવાની અપીલ કરી હતી.તા.૧૦ થી ૧૨ ફેબ્રઆરી દરમિયાન વઘઇ તાલુકામા હાથ ધરાયેલા સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે, હાથિપગાને દેશવટો આપવાના કાર્યમાં સૌને સહયોગી થવાનો પણ આ વેળા અનુરોધ કર્યો હતો.

એલીમીનેશન ઓફ લીમ્ફેટીક ફાઇલેરિયાસીસ અંતર્ગત ભારત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીમાં ફાઈલેરિયા નિર્મુલન અંગેનો લક્ષ્યાંક નક્કી કરવામા આવ્યા છે. જે કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના ૯૭ ગામોના કુલ ૯૧૬૩૪ લોકોને ડ્ઢઈઝ અને આલ્બેન્ડાઝોલ ટેબલેટનો સામુહિક દવા વિતરણનો કાર્યક્રમ તારીખ ૧૦ થી ૧૨ ફેબ્રઆરી દરમિયાન વઘઇ તાલુકાની મુખ્ય સાકરપાતળ, ઝાવડા અને કાલીબેલ પી.એચ.સી દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. જેમાં વઘઇ તાલુકાની તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યિક શાળા તેમજ કોલેજોમાં સામુહિક દવા વિતરણનો આજે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવાના ભાગરૂપે, પ્રજાજનોમાં તેનો વ્યાપક પ્રચાર પ્રસાર થાય તે માટે, જનપ્રતિનિધી તરીકે ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલે, વઘઇ સ્થિત તાલુકા શાળા ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌને પ્રેરણા પુરી પાડી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઇન, વઘઇ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ચંદરભાઇ ગાવિત સહિતના પદાધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહી સ્વંય ગોળી ગળી તાલુકાના તમામ લક્ષિત લાભાર્થીઓને ગોળી ગળવાની અપીલ કરી હતી.

ડાંગ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાશુ ગામિતના માર્ગદર્શન હેઠળ, ડી.એમ.ઓ શ્રી ડો.દિલીપ શર્મા, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડી.સ્વાતિ પટેલ, તબીબી અધિકારીઓ તથા તેમની ટિમ દ્વારા, નિયત સ્ટ્રેટેજી અનુસાર, જિલ્લાના લક્ષિત વિસ્તારોમા ફાઈલેરીયા રોગ સર્વે માટે નાઈટ બ્લડ સર્વેની કામગીરી હાથ ધરતા, વઘઇ તાલુકાના વિસ્તારમા નક્કી કરેલ સર્વેની સાઈટ્સમા માઈક્રો ફાઈલેરિયા રેટ ૧ થી વધુ નોંધાતા




તારીખ ૧૦ થી ૧૨ ફેબ્રઆરી દરમિયાન વઘઇ તાલુકાની સાકરપાતળ, ઝાવડા અને કાલીબેલ પી.એચ.સી દ્વારા સામુહિક દવા વિતરણ હાથ ધરવામા આવી રહ્યો છે. જેમા વઘઇ તાલુકાના ૯૭ ગામોના કુલ ૯૧૬૩૪ લોકોને આવરી લેવામા આવ્યા છે.દરમિયાન આરોગ્યકર્મીઓ દ્વારા "ડોટ પધ્ધતી" મુજબ રૂબરૂમા દરેક ડ્ઢઈઝ અને આલ્બેન્ડાઝોલ ટેબલેટ આપવામા આવશે. ફાઈલેરિયા મુક્ત ભાવી પેઢી માટે આ દવા લેવી ખૂબ જરૂરી છે.

## હોસ્પિટલ બ્લેક લીસ્ટેડ છે તેવું જણાવી

# કલેઈમ નામંજૂર કર્યો ગ્રાહક સુરક્ષા કોર્ટ દ્વારા આ કારણને અમાન્ય ગણી દંડનીય હુકમ કરાયો

આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીએ પોતાના વિમેદારને હોસ્પિટલ બ્લેક લીસ્ટેડ છે તેવું જણાવી કલેઈમ નામંજૂર કર્યો. ૫ લાખની વિમારાશી ધરાવતી પોલીસી બહાદુર ભાઈ ગરણીયા દ્વારા લેવાયેલ હતી. તેમાં તેમની પુત્રને ન્યૂમોનિયા સારવાર માટે દવાખાનામાં દાખલ થઇ સારવાર લેવાની જરૂર પડી હતી.અને સારવાર ખર્ચ ૪૨,૩૩૫/-રૂ થયો હતો. આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીએ ૪૨,૩૩૫/- રૂ રૂપિયા વિમેદારને કલેઈમની રકમ ચુકવવા પાત્ર નથી જણાવી કલેઈમ રકમ ચૂકવી નહિ. કલેઈમ રીજેક્શનનું મૂળ કારણ એ હતું કે વિમેદારે જે હોસ્પીટલમાં સારવાર લીધી તે હોસ્પિટલ વીમા કંપનીએ બ્લેક લીસ્ટ કરેલ હતી જે વિમેદારને ખ્યાલ નહોતો. અને બ્લેક લીસ્ટ હોસ્પીટલનું લીસ્ટ વિમેદારને વીમા કંપનીએ આપેલ નહોતું. છતાં કલેઈમ રીજેક્ટ કરેલ હોવાથી ગ્રાહકે ગ્રાહક સુરક્ષા કોર્ટનો આશરો લીધેલ હતો.આવી રીતે મનમાની કરીને ઘણી બધી હેલ્થ ઈન્સ્યોરન્સ કંપની કોઈ પણ હોસ્પિટલને બ્લેક લીસ્ટ કરી દે છે પછી બ્લેક લીસ્ટ કરવાનું કાયદેસરનું કારણ અને પુરાવા કોર્ટમાં રજુ કરી શકતા નથી. આ કેસમાં પણ આવું જ થયું હોવાની કોર્ટે ગંભીર નોંધ લીધેલ છે આ દાવા માટે ગ્રાહક સુરક્ષા કેસના સ્પેશિયાલિસ્ટ એડવોકેટ બેલા ગિરનારા અને એડવોકેટ હસમુખ ગિરનારા રોકાયેલ હતા.આ કેસમાં ગ્રાહક સુરક્ષા કોર્ટ સુરત દ્વારા માનસિક-શારીરિક ત્રાસ અને લીગલ ખર્ચ પેટે વધારામાં ૫૦૦૦/- રૂ આપવાનો તથા કપ્પાત કલેઈમ રકમ પર ૮% વ્યાજ આપવાનો હુકમ કરેલ છે.

# પ્રયાગરાજના મહાકુંભ મેળામાં ઉત્તર ગુજરાતના રોટલા અને સૌરાષ્ટ્રના ગાંઠિયાની બોલબાલા

આલેખન – દર્શન ત્રિવેદી

તીર્થરાજ પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભ મેળો ગુજરાતની સખી મંડળની બહેનો માટે પણ રોજગારીનો અવસર લાવી છે. કુંભમેળામાં સંગમ સ્નાન કરવા માટે મોટી સંખ્યામાં જઇ રહેલા ગુજરાતીઓ માટે ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલા પેવેલિયન પાસે ઉભી કરાયેલી કાફેટેરિયામાં ગુજરાતી વ્યંજનો બનાવવા અને પીરસવાની જવાબદારી ગુજરાતથી ગયેલી વિવિધ સખી મંડળની બહેનોને સોંપવામાં આવી છે. વિશેષ વાત તો એ છે કે, આ કાફેટેરિયામાં બનતા ગાંઠિયા અને કાઠિયાવાડી થાળીનો ચટકો અન્ય રાજ્યના સ્વાદરસિયાઓને પણ લાગ્યો છે. પ્રયાગરાજમાં ગંગા નદીના વિશાળ પટમાં ઉભી કરવામાં આવેલા કુંભ મેળાના અલાયદા નગરમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા સેક્ટર-૬માં ભારદ્વાજ નગર પાસે એક વિશાળ પેવેલિયન બનાવવામાં આવ્યું છે. અહીં યાત્રિકોને સાવ નજીવા દરે ઉતારો આપવામાં આવે છે. યાત્રાળુંઓની સુવિધાના ધ્યાને રાખી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે બીજા ૨૬૫ પથારીની સુવિધા સાથેનો ડોમ ઉદ્ઘાટિત કર્યો છે.

ગુજરાત પેવેલિયનથી સંગમ સ્થાન માત્ર ચારેક કિલોમિટરના અંતરે છે. નાગવાસુકી મંદિરના રસ્તેથી સરળતાથી સંગમ સ્થાને જઇ શકાય છે. આ બાબતને ધ્યાને રાખી ગુજરાત પ્રવાસન નિગમનું પેવેલિયન લોકપ્રિય બન્યું છે. એસટી દ્વારા શરૂ કરવામાં આવેલી બસ સુવિધાના યાત્રીઓને પણ




અહીં ઉતારવામાં આવે છે.

ગુજરાત પેવેલિયનમાં રાજ્યના પ્રવાસન સ્થળોના નિદર્શન સાથે એક વિશેષ વાત એ ધ્યાને પડે છે કે, અહીં સખી મંડળની બહેનો દ્વારા કાફેટેરિયા ચલાવવામાં આવી રહ્યો છે. આ કાફેટેરિયામાં ચાકોફી ઉપરાંત ઉત્તર ગુજરાતના રોટલા સાથે કાઠિયાવાડી થાળી અને સૌરાષ્ટ્રના ગાંઠિયા પણ મળે છે. ગુજરાતી હોય એટલે સ્વાદમાં કોઇ કમી ના રહેવી જોઇએ ! એટલું જ નહીં, થેપલા પણ મળે છે બોલો ! પ્રયાગરાજથી પરત ફરતી વેળાએ ભાથામાં થેપલા લઇ જવા અહીં સખી મંડળની બહેનોને ઓર્ડર આપવામાં આવે છે. મહેસાણાથી અહીં આવેલા શિવ મિશન મંગલમ્ નામક સખી મંડળના જલ્પાબેન ઠાકોરના હાથથી બનેલા બાજરાના રોટલાનો સ્વાદ તો બિનગુજરાતીઓને પણ લાગ્યો છે. જલ્પાબેન અને તેમના પતિ રાહુલભાઇએ અહીં સ્ટોલ લગાવ્યો છે અને સાવ સસ્તા દરે રોટલા સાથે કાઠિયાવાડી, ગુજરાતી થાળી જમાડે છે. જલ્પાબેનના હાથે વાઘારેલા શાક અને મસળી મસળી બનાવેલા કડક રોટલા થોડા સમયમાં જ અહીં લોકપ્રિય બની ગયા છે. બીજા રાજ્યના લોકો પણ અહીં કાઠિયાવાડી થાળી જમવા આવે છે. આ યુગલ પ્રતિદિન સાતથી આઠ હજારની કમાણી આસાનીથી કરી લે છે. ગુજરાત પેવેલિયન ગાંઠિયાવાડ પણ બન્યું છે. અહીં જૂનાગઢથી આવેલા રાધે મંગલમ્ જૂથના બહેન વણેલા ગાંઠિયા, ફાફડા અને જલેબી પ્રવાસીઓને ખવડાવી રહ્યા છે. ગુજરાતથી થયેલા યાત્રાળુંઓને ગુજરાત બહાર હોવાનો બિલ્કુલ અહેસાસ ના થાય એવો માહોલ આ પેવેલિયનમાં છે.

જો તમે મહાકુંભમાં જતા હો તો સેક્ટર-૬માં આવેલા ગુજરાત પેવેલિયનની મુલાકાત અચૂક લેવા જેવી છે.

## રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે

# તમામ જિલ્લા તથા વિભાગના સોશિયલ મીડિયા નોડલ અધિકારીઓની My Gov પોર્ટલ અંગેની બે દિવસીય તાલીમનો પ્રારંભ

રાજ્યના નાગરિકો અને સરકાર વચ્ચેનો સેતુ વધુ સુદૃઢ બનાવવાના ઉદ્દેશ સાથે તેમજ સ્અર્ઘ્દૃ પોર્ટલ પર વિવિધ પ્રવૃત્તિઓ થકી સરકારની કલ્યાકારી કામગીરીમાં જન ભાગીદારી વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે તા. ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીના રોજ બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્અર્ઘ્દૃ પોર્ટલ માટે ક્રિએટીવ અને એન્ગેજીંગ કન્ટેન્ટ તૈયાર કરવું, પોર્ટલનું સુચારૂ સંચાલન કરવું તથા નાગરિકોને મોટી સંખ્યામાં સરકારી કેમ્પેઇનમાં જોડવા અંગે સ્અર્ઘ્દૃ હ્વૈંઢના નિયામકશ્રી ડૉ. ઉપેન્દ્ર ઉપાધ્યાય અને સ્અર્ઘ્દૃ, દિલ્હીની ટીમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ તાલીમમાં માહિતી નિયામકશ્રીની કચેરી હેઠળ ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓ, તમામ જિલ્લાના સોશિયલ મીડિયા નોડલ અધિકારીશ્રીઓ સહિત દરેક વિભાગકક્ષાએ સોશિયલ મીડિયાની કામગીરી સંભાળતા અધિકારી/કર્મચારીઓ મળીને અંદાજીત ૧૫૦ જેટલા અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નોંધનીય છે કે, સ્અર્ઘ્દૃ પોર્ટલ એ ભારત સરકાર દ્વારા જન-ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટેની એક પહેલ છે. આ ઓનલાઈન પ્લેટફોર્મ નાગરિકો અને સરકાર વચ્ચે સેતુ બની વિવિધ સરકારી પહેલો અને નીતિઓની માહિતી આપવાની સાથે વિવિધ ઈન્ટરએક્ટિવ એક્ટિવિટી દ્વારા પોલીસી વિષયક નિર્ણય લેવાની પ્રક્રિયામાં જન ભાગીદારીને પ્રોત્સાહન આપે છે. આ પ્રસંગે સ્અર્ઘ્દૃં હ્વૈંઢના ડૉ. ઉપેન્દ્ર ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, સ્અર્ઘ્દૃ પોર્ટલ એ વિશ્વનું સૌથી વધુ સિટિજન એન્ગેજમેન્ટ ધરાવતું પ્લેટફોર્મ છે. જેનો મુખ્ય હેતુ સરકારની યોજના તેમજ સરકારની પોઝિટિવ માહિતીને વધુને વધુ લોકો સુધી પહોંચાડવાનો છે. ઉપરાંત આ પોર્ટલ સરકારના જન કલ્યાણના કાર્યો માટેની નિતી ઘડતરની પ્રક્રિયામાં નાગરિકોનાં મંતવ્ય મેળવવા માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે.

આ બે દિવસીય તાલીમમાં અધિકારીઓને સ્અર્ઘ્દૃ પોર્ટલ પર થતી કામગીરી, કન્ટેન્ટ ક્રિએશન, સરકારની લોક-કલ્યાણ વિષયક કામગીરીની માહિતી લોકભોગ્ય શૈલીમાં છેવાડાના માનવી સુધી પહોંચે, રાજ્યના વિવિધ સરકારી કેમ્પેઈનમાં મહત્તમ જન-ભાગીદારી પ્રાપ્ત થાય તે માટે અનિવાર્ય ડેટા એનાલિસીસ તથા મોનિટરિંગ અંગેની માહિતી આપવામાં આવશે.



આજે અમદાવાદ જિલ્લા કક્ષાનો ખેલ mahakumbh-3.0 , રમતગમત,યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ, ગુજરાત રાજ્યના સંયુકત ઉપક્રમે સ્પેશ્યલ ખેલ મહાકુંભ ૩.૦ (એથલેટિક્સ મીટ) માં કુલ ૫૫૧ જેટલા પ્રજ્ઞાચક્ષુ રમતવીરોએ આજે ગુજરાત યુનવર્સિટી, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ,અમદાવાદ ખાતે ભાગ લીધો અને પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી,રાજ્ય કક્ષાએ ભાગ લેશે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.